રજુ તારીખ – ૧૭/૦૬/૨૦૨૬
દાખલ તારીખ– ૧૭/૦૬/૨૦૨૬
ફેંસલ તારીખ – ૨૩/૦૬/૨૦૨૬
અવધિ – <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૦ ૦૦ ૦૬

**આંક–** 07

---

**ભાવનગરના મે.ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૦૬૩/૨૦૨૬**

---

**અરજદાર – ભાર્ગવભાઇ કલ્યાણભાઇ ધંધુકીયા,**
ઉ.વ.આ.૩૦, ધંધો–ગેરેજકામ,
રહે. નવા પ્લોટ, ભુતીયા ગામ, તા.પાલીતાણા,
તા.પાલીતાણા, જી.ભાવનગર.
હાલ– જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.વાય.હમીરાણી.
સામાવાળા તર્ફે વિ.સ્પે.પી.પી.શ્રી વી.આર.દેવમુરારી.

---

**<u>:: જજમેન્ટ ::</u>**

(૧) આ કામના અરજદાર/આરોપી તર્ફે પાલીતાણા રુરલ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૧૨૬૦૧૭૩/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૪૫, ૩૪૬, ૩૪૭ તથા ૩૫૦ મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન. એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ કરવામાં આવેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતા ગુન્હામાં કોઇ ભાગ ભજવેલ નથી. તેઓને ખોટી રીતે સદર ગુન્હામાં સંડોવી દેવામાં આવેલ છે. મુદ્દામાલ અંગે અરજદાર/આરોપી કશુ જાણતા નથી. જથ્થો વધારે હોવાથી નીચલી અદાલતે જામીન અરજી નામંજુર કરેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય ગુન્હો બનતો નથી. અરજદાર/આરોપી સામે અગાઉ નોંધાયેલ આંઠ ગુન્હાઓ પૈકી ચાર કેસ પૂર્ણ થઇ ગયેલ છે. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવારની જવાબદારી છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો તેમનો પરિવાર વેરવિખેર થઇ જાય તેમ છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. તેમજ નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. તેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.સ્પે.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે પ્રોહી. એકટની કલમ પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૪૫, ૩૪૬, ૩૪૭ તથા ૩૫૦ મુજબના ગુન્હાના આક્ષેપો છે. કુલ કિંમત રૂા.૬,૨૨,૦૮૦/– નો પ્રોહી મુદ્દામાલ છે. મોટા જથ્થામાં પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે. અરજદાર/આરોપી બનાવમાં હાજર પકડાયેલ છે. બોગસ નંબર પ્લેટ બનાવેલ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. અન્ય આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીનો ગુન્હાહિત ભુતકાળ છે. તેમજ જામીન મુકત કરવામાં આવશે તો ફરી આ પ્રકારના ગુન્હા કરે તેમ છે. જેથી અરજદાર/આરોપીની હાલની જામીન અરજી

નામંજુર કરવા રજુઆત કરેલ છે. તેમજ આંક–૦૫ થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે.

(૫) અરજી હકીકત વંચાણે લીધી. આ કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલ ધ્યાને લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક–૦૩ થી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. તેમજ આ કામે આંક–૦૫ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપી સામે પાલીતાણા રુરલ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૧૨૬૦૧૭૩/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૪૫, ૩૪૬, ૩૪૭ તથા ૩૫૦ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને સદર ગુન્હાના કામે અરજદાર/આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, ગઈ તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજ મોટી પાણીયાળીથી લાખાવડ રોડ ઉપર આવેલ વાડીમાંથી તા.પાલીતાણા જી.ભાવનગરમાંથી આરોપી ભાર્ગવભાઇ કલ્યાણભાઇ ધંધુકીયાએ આ કામના અરજદાર/આરોપી ભરતભાઇ હિંમતભાઇ ધંધુકીયાની કબજા ભોગવટા(હવાલાવાળી) વાડીમાંથી ગેરકાયદેસર ભારતીય બનાવટની ઇંગ્લીશ દારુની એક સમાન બ્રાન્ડની કંપની સીલપેક ચપટા/બોટલો નંગ-૩૪૫૬ કિંમત રૂા.૬,૨૨,૦૮૦/- ના પ્રોહી મુદ્દામાલ સાથે આરોપી ભાર્ગવભાઇએ મળી આવી, બોલેરો પીકઅપ વાહનના ડ્રાઇવર તથા કલીનર નાઓએ અંધારામાં દુરથી ગાડીની લાઇટો જોઇને નાસી જઇ અને તેઓએ આ ઇંગ્લીશ દારુનો જથ્થો ભરેલ પીકઅપ ગાડી આપી અને અરજદાર/આરોપીએ પોતાના કબજા ભોગવટાની વાડીમાં આ ઇંગ્લીશ દારુ રાખવા આપી હાજર નહીં મળી આવી, આ ઇંગ્લીશ દારુનો જથ્થો વેચાણ અર્થે લાવી, ગુન્હાહિત કાવત્રુ રચી, સદર ગુન્હાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. તેમજ ત.ક. અમલદાર ધ્વારા તેમના સોગંદનામામાં તથા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની દલીલમાં જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો પુરાવાનો નાશ કરે અને ફરીથી આ પ્રકારની પ્રોહી.ને લગતી ગેરકાયદેસર

પ્રવૃત્તિઓ કરે તેવી જે શકયતાઓ હોવાની રજુઆત કરવામાં આવેલ છે તે હાલના તબકકે નકારી શકાય તેમ નથી. આ કામે તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપી સામે અગાઉ કુલ આંઠ ગુન્હાઓ નોંધાયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. જે અંગે અરજદાર/ આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા આંક–૦૬ ના લીસ્ટથી ત્રણ કેસના ચુકાદાની નકલ આ કામે રજુ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી ગુન્હાહિત ભુતકાળ ધરાવે છે. તેમજ દિનપ્રતિદિન આ પ્રકારના ગુન્હાઓનું પ્રમાણ વધતુ જાય છે. જો અરજદાર/આરોપીને હાલના તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની સમાજ પર વિપરીત અસર પડે તેમ છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપીનો સદર ગુન્હાના કામે રોલ, ગુન્હાની હકીકત અને ગુન્હાનો પ્રકાર તથા ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તથા આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, હાલના તબકકે આરોપીને જામીન મુકત કરવા અંગેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ આ કામના અરજદાર/આરોપીની તરફેણમાં કરવો ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>:: હુ ક મ ::</u>**

(૧) આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૨૩'મી માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૨૩/૦૬/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693